R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા •

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 20 DATE: 18-05-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ટ્રેડ વોરમાં ચીને અમેરિકા પર વળતી ડ્યુટી લાદી :૧ લી જુનથી ૫૧૪૦ પ્રોડક્ટસ પર પાંચથી ૨૫ ટકા જેટલી ડ્યુટીમાં વધારો કરશે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્ર દ્વારા ચીની માલ-સામાન પર વધુ ડ્યુટી લાદવાના નિર્ણયનો બદલો લેવાના પ્રયાસરુપે ચીને પણ વળતા હુમલામાં અમેરિકી ચીજવસ્તુઓ પરની ડ્યુટીમાં વધારો કરી દેતાં બે દેશો વચ્ચેનું ટ્રેડ વોર વકર્યુ છે.અને તેની સીધી અસર ભારત સહિતના વૈશ્વિક શેરબજાર પર થઈ છે.ચીને કહ્યુ છે કે તે અમેરિકાના માલ-સામાન પર વળતા પ્રહાર તરીકે ડ્યુટી લાદવા જઈ રહ્યું છે.

ચીનના નાણાં મંત્રાલયે કહ્યુ હતું કે તે અમેરિકાથી આયાત થઈ રહેલી ૫૧૪૦ પ્રોડક્ટસ પર પાંચથી ૨૫ ટકા જેટલી ડ્યુટી વધારો કરશે અને તેનો અમલ પહેલી જુનથી કરવામાં આવશે.અમેરિકાથી આયાત થતી ચીનની આ ચીજ-વસ્તુઓ ૬૦ અબજ ડોલર જેટલી થવા જાય છે.

ચીનના આ પગલાં અંગે વ્હાઈટ હાઉસ અને યુએસ ટ્રેડ પ્રતિનિધિએ કોઈ પ્રતિભાવ દર્શાવ્યો નથી. વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર વચ્ચે ચાલી રહેલી આ હુંસાતુસીને કારણે વિશ્વના શેરબજારોમાં ફરીએક વાર કડાકો બોલાયો હતો.અમેરિકાના મોટાભાગના શેરબજારો બે ટકાથી વધુ ઘટી ગયા હતા. ચીન દ્વારા લાદવામાં આવેલી ડ્યુટી અગાઉ ૨૦૧૮માં જારી કરવામાં આવેલી યાદીમાં વધુ એક ઉમેરો છે.ચીને ૧૪૯૩ ચીજ વસ્તુઓ પર ૨૫ ટકા , ૧૦૭૮ વસ્તુઓ પર ૨૦ ટકા,૯૭૪ વસ્તુઓ પર૧૦ ટકા અને ૫૯૫ આઈટમો પર પાચ ટકા ટેરીફ લાગુ કર્યો છે.

ટ્રેડ વોરમાં ભડકો એવા સમયે થયો જ્યારે ટ્રમ્પે ચીનની ૨૦૦૦૦કરોડ ડોલરની કિમતની ચીજવસ્તુઓ પર ટેરિફમાં તોતિંગ વધારો કરી દીધો હતો.અમેરિકાએ આ અંગે કહ્યુ હતું કે ચીને તેણે અગાઉ જે ખાતરીઓ વ્યાપાર થયો તે વખતે આપી હતી તેનું તેણે પાલન કર્યું નથી. દરમિયાન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ચાઈનીજ રાષ્ટ્ર પ્રમુખ શી જિનપીંગ સહિતના ચાઈનીઝ નેતાઓને ચેતવણી આપી હતી કે ચીની વ્યાપાર અંગે કરાયેલી ડીલ માટે કામ ચાલુ રાખે. તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે ચીન જવાબ આપવાની કોશીશ ના કરે, જેનાથી માત્ર નુકશાન જ થશે. ટ્વીટર પર ટ્રમ્પે આગળ લખ્યું હતું કે હું રાષ્ટ્રપ્રમુખ શી જિનપીંગ સહિતના નેતાઓને અનુરોધ કરુ છું કે જો તમે ડીલ અનુસાર આગળ નહીં વધો તો ચીનને ખુબ નુકશાન થશે કેમકે કંપનીઓને ચીન છોડવાની ફરજ પડશે.

### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## આઈપીએલ-૨૦૧૯માં મુંબઇ ઇન્ડીયન ચેન્નાઇ સુપરને હરાવીને ચેમ્પીયન બન્યું

છેલ્લા બોલ સુધી રોમાંચક બનેલી આઈપીએલની ફાઈનલમાં મુંબઈ ઈન્ડીયને ચેન્નાઈ સુપર કિંગને એક રનથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી આઠ વિકેટે ૧૪૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ચેન્નાઈ સુપરે સાત વિકેટે ૧૪૮ રન બનાવ્યા હતા.આમ છેલ્લા સાત વર્ષમાં મુંબઈ ચોથી વખત ચેમ્પીયન બન્યુ હતું. આ પહેલાં તે ૨૦૧૩,૨૦૧૫, અને ૨૦૧૭માં ચેમ્પીયન બન્યુ હતું.૨૦૧૭માં પણ મુંબઈએ એક રનથી ફાઈનલ જીતી હતી. ત્યારે તેણે રાઈઝીંગ પુણે સુપર જાયન્ટસને હરાવી હતી.

## કોલકોતામાં અમિત શાહના રોડ શોમાં થયેલી હિંસા,પથ્થરમારો અને આગજની બાદ ચુંટણી પંચે ૩૨૪ કલમ દાખલ કરી પ્રચાર બંધ,ચીફ સેક્રેટરી-ગૃહ સચિવ હટાવાયા

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકોતામાં ભાજપ પ્રમુખ અમિત શાહના રોડ શોમાં થયેલી હિંસા પછી ચુંટણી પંચે આકરી કાર્યવાહી કરતાં પ્રચારબંધી ફરમાવી દીધી હતી. પંચે જ્યાં ૧૯મીએ મતદાન થવાનું છે તે નવ લોકસભા વિસ્તારમાં ગુરુવાર રાતે દસ વાગ્યાથી પ્રચાર પર પડદો પાડી દેવા માટે રાજકીય પક્ષોને આદેશ કર્યો હતો. વાસ્તવમાં આ વિસ્તારમાં પ્રચાર શુક્રવારે સાંજે પાંચ વાગ્યે પુરો થતો હતો. હિંસા ન ફેલાય તે માટે આ પગલું ભરવામાં આવ્યુ છે. આ સાથે પંચે રાજ્યના ચીફ સેક્રેટરી અને ગૃહ સચિવને હટાવી દેવામાં આવ્યા છે પંચે સોશ્યલ મીડીયા પર વીડીયો મુકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. બંગાળના એડીડી સીઆઈડી રાજીવ સિંહને ગૃહ મંત્રાલય મોકલી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં સમાજસુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની મુર્તિ તોડી પાડવાની ઘટના અંગે પણ પંચે લાલ આંખ કરી છે અને કહ્યું છે કે જો ફરીથી હિંસા ફાટી નિકળશે તો વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. ચુંટણી પંચે બંધારણના આર્ટિકલ ૩૨૪ અન્વયે પ્રચારબંધી ફરમાવી છે જે મત્રક્ષેત્રમાં પ્રચાર એક દિવસ વહેલો પુર્ણ થશે તેમાં ડમડમ,બસારાત,બશીરહાટ, જ્યાનગર,મથુરાપુર,ડાયમંડ હાર્બર, જાદવપુર,કોલકોતા દક્ષિણ અને કોલકોતા ઉત્તર છે.ચુંટણીચ પંચના આદેશ અંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે પ્રચારબંધી અને ચીફ સેક્ટરીની ટ્રાન્સફરનો નિર્ણય અમિત શાહ અને મોદીના ઈશારે લેવામાં આવ્યો છે.મમતાએ કહ્યુ હતું કે અન્યાય અમિત શાહે કર્યો અને સજા અમને કરવામાં આવી છે. મમતાએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીએ વિદ્યાસાગરની મુર્તિ ખંડિત કરવાની ઘટનાની નિંદા પણ કરી નથી. હિંસાના મામલે મમતાએ ભારતીય જનતા પાર્ટીની આકરી ટીકા કરતાં ક્હયુ હતું કે તમારુ નસીબ સારુ છે કે હું અહીંયા શાંતિથી બેઠી છું. અન્યથા હું એક સેકડમાં દિલ્હીમાં ભાજપ ઓફીસ અને તમારા ઘર પર કબજો કરી શકું છું.વિદ્યાસાગરની મુર્તિ તોડી નાંખી એ તમામ લોકો બહારથી આવેલા હતા.ભાજપ મતદાનના દિવસ માટે તેમને અહીંયા લાવી છે. જો કે હિંસાની ઘટના માટે બેઉ પક્ષોએ એકબીજાની ઉપર આરોપો મુક્યા છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

પશ્ચિમ બંગાળમાં ચુંટણી ટાણે ભાજપ અને તુણમુલ કોગ્રેસના ટેકેદારો વચ્ચે થયેલી અથડામણમાં બે વ્યક્તિઓના મૃત્યુ થયા અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાં ખંડિત કરી દેવાઈ.બેઉ પક્ષોએ પોત પોતાની રીતે એકબીજા પર દોષારોપણ કર્યું.ભાજપના રાષ્ટ્રીય પ્રમુખએ એવો આક્ષેપ કર્યો કે બંગાળમાં ચુંટણી પંચ મુક પ્રેક્ષક બનીને ભુમિકા ભજવી રહ્યું છે. જ્યારે સામે પક્ષે એવો આરોપ મુકાયો છે કે ચુંટણી પંચ માત્ર ભાજપ અધ્યક્ષ અને વડાપ્રધાનની સુચનાઓ મુજબ કાર્યવાહી કરે છે.સરવાળે એવો અર્થ નીકળે કે ચુંટણી પંચની કામગીરીથી કોઈપણ રાજકીય પક્ષ ખુશ નથી.રાજકીય પક્ષો દ્વારા ચુંટણીપંચની આલોચના એ તેમના રાજકીય સ્વાર્થના હેતુસર હોઈ પણ શકે પરંતુ આ વખતની ચુંટણીમાં સૌથી વધારે અપમાનજનક અને ઝેરીલો પ્રચાર થયો છે.તેમ છતાં પણ ચુંટણી પંચે કેટલાક નેતાઓને જ પ્રતિબંધ આપતો આદેશ આપ્યો છે.આ પ્રતિબંધ અસરકારક રહ્યો નથી. પ્રતિબંધ હોવા છતાં કેટલાક નેતાઓએ આ આદેશનું ઉલ્લંઘન કર્યું છે.ચુંટણી પંચે કોડ ઓફ કન્ડકટના ઉલ્લંઘન માટે થયેલી ફરિયાદમાં પણ એટલી ઝડપી રીતે કેટલાક નેતાઓને ક્લીન ચીટ આપી દીધી છે.જેમાં વડાપ્રધાન અને ભાજપના અધ્યક્ષની બાબતે ચુંટણી પંચે એડવાન્સમાં ક્લીન ચીટના કાગળો તૈયાર જ રાખ્યા હોય તેવું જણાયુ છે.તેથી ચુંટણી પંચની કેટલીક કાર્યવાહી હાસ્યાસ્પદ બની છે.ગુજરાતના ભાજપના પ્રદેશ પ્રમુખને ગુજરાતમાં લોકસભા ચુંટણી માટે મતદાન પુરુ થઈ ગયાના કેટલાક દિવસો પછી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવતો આદેશ જારી કરાયો હતો તે તેનું ઉદાહરણ છે.

ચુંટણી પંચની તટસ્થતા માટે આટલા બધા સવાલો ઉભા થાય તે લોકશાહીના હિતમાં નથી જ.આ વખતે ચુંટણી મેદાનો કે શેરીઓ કરતાં સોશિયલ મીડીયામાં વધારે લડાઈ છે. લખલુટ ખર્ચાઓ દેખાવા છતાં ચુંટણી પંચની પહોચ બહાર બધું છે જેને તે અસરકારક રીતે મેનેજ કરી શકે તેમ નથી. ચુંટણી પંચ સમક્ષ બંગાળના ગૃહસચિવ અને ચીફ સેક્રેટરીને તેમના હોદ્દા પરથી ઉતારી દેવા માટે જે ચુંટણી પંચે કાર્યવાહી કરી છે તેમાં કેન્દ્રની સત્તા સ્થાને બેઠેલી ભાજપાનો હાથ દેખાઈ રહ્યો છે.ચુંટણી પંચે કલમ ૩૨૪નો જે ઉપયોગ કર્યો છે તેની પાછળ કોનું ભેજુ કામ કરી રહ્યું છે તે કોની જાણ બહાર છે.ભાજપની કેટલીક હસ્તીઓનું માત્ર કાર્ય ભાજપ સામે લડતા પરિબળોને કોઈપણ રીતે જીતતા અટકાવી દેવા અને તેમને કાયદાના પીજરામાં કેદ કરીને સત્તામાંથી દુર કરી દેવાનું માત્ર કામ કરતા હોય છે.કેટલાક સત્તાધારીઓની હિટલરશાહીથી લોકશાહીનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે તેનો યોગ્ય જવાબ જનતાએ આપવાનો છે.છતાં પણ ઈવીએમ મશીનો ગોલમાલ કરતાં અટકાવાય તે જરુરી છે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# માણસમાં જો સદ્ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે

સદગુણ એ માણસની શોભા છે. સદ્ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફયુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્ગુણોથી જ ધન અને અન્યન્ય ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્ગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્ગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આકર્ષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઈ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.

ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનને ભસીને,માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્‌ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઇતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઇચ્છા ઝાઝી બર આવ ી નથી.એ કહી શકાય.પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઇતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઇ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામાં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઇ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઇન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઇન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઇન્ડીય શ્વાન કે ઇન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઇતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આર્દશ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આર્દશ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ.

આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઇન્દ્રાણીને ઇન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઇન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઇક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જુદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઇ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતને વફાદાર છે.સમજ્યા ! કોમનમેનની વફાદારીને અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઇમાં પ્રથમ બટકું ભરવાનો હક્ક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઇ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ(સૌ. સંદેશ)

# સાઉદી અરબની તેલની પાઇપલાઇનો પર ડ્રોનથી હુમલો : તેલ પુરવઠો અટકાવાયો

સાઉદી અરેબિયામાં ચાર ટેન્કરો પર હુમલો કરાયા બાદ ફરી એકવાર અહી મોટો હુમલો કરાયો છે. એક મુખ્ય સાઉદી અરબની તેલ પાઇપલાઇન પરના બે પંપિગ સ્ટેશન પર વિસ્ફોટક ભરેલા ડ્રોનથી હુમલો કરાયો હતો. આ હુમલા બાદ કાચા તેલના પુરવઠાને અટકાવી દેવામાં આવ્યો હતો. આ હુમલા બાદ અખાતી વિસ્તારમાં તનાવની સ્થિતિ બની છે.

સાઉદી અરબના ઉર્જા મંત્રી ખાલિદ અલ ફલીદે જણાવ્યુ હતું કે તેલથી સમૃધ્ધ પુર્વા પ્રાંતથી લાલ સાગર સુધી જતી પાઇપલાઇન પર સવારે હુમલો કરાયો હતો. આ એક આતંકવાદી કૃત્ય છે. વૈશ્વિક તેલ પુરવઠાને ટાર્ગેટ કરાયો છે. સાઉદીની સરકારી તેલ કંપની અરામકોથી જોડાયેલા તેલના ઢાંચાને નિશાન બનાવવાની સાથે પાઇપલાઇન સાથે જોડાયેલા બે સ્ટેશનોને નિશાન બનાવાયા હતા.ઇરાન સમર્થિત હઊથી વિદ્રોહી જે યમનમાં સાઉદીના નેતૃત્વવાલા સૈન્યના ગઠબંધનનો સામનો કરી રહ્યા છે તેમના દાવા મુજબ તેમણે ડ્રોન સાથે અનેક મહત્વપુર્ણ સાઉદી ઠેકાણાને નિશાન બનાવ્યા છે.આ માટે જણાવાયું હતું કે આ રાજઘરાણાને એક સંદેશ મોકલવા માટે અને તેમના દેશ વિરુધ્ધ આક્રમકતાને અટકાવવા માટે હુમલો કરાયો છે.આનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ કુઁરાહ અમીરાત પાસે ટેન્કરોની થયેલી તોડફોડની જવાબદારી લઇ રહ્યા છે. જો કે તાજા સમાચારો મુજબ સાઉદી સૈન્ય દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં કેટલાક આતંકીઓને ઘેરીને તેમનો ખાતમો બોલાવી દેવામાં આવ્યો છે.

# ટ્રેડવોરમાં અમેરિકાને ચીને ધમકી આપતાં કહ્યુ કે અમને કમજોર ના સમજો અને છેલ્લે સુધી લઇ લઇશું

ટ્રેડ રેમાં અમને કમજોર સમજવાની જરુર નથી તેવી ભુલ હરગીઝ કરશો નહીં. કેમકે આ લડાઇ અંત સુધી લડવા માટે અમો સક્ષમ છીએ.આ ચીને અમેરિકાની ટ્રેડવોર સામે ધમકી ઉચ્ચારી છે. અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનથી અમેરિકામાં નિકાસ કરવામાં આવતી ૨૦૦ અબજ ડોલરની પ્રોડક્ટ પર ટેરીફ લાદી એ સ્થિતિમાં ચીને આ વલણ અપનાવ્યું છે.ચીને પણ અમેરિકા સામે વળતા પગલાં રુપે ૫૦ અબજ ડોલરની અમેરિકી પ્રોડક્સ પર ટેરિફ લાદી છે. અમેરિકાએ ગયે વર્ષે ૫૩૯ અબજ ડોલરના માલસામાનની આયાત ચીનથી કરી હતી. જ્યારે અમેરિકાએ માત્ર ૧૨૦ અબજ ડોલરના માલસામાનની નીકાસ ચીને કરી હતી. અમેરીકી રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પની ધમકીથી છંછેડાઇ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સુઆંગે જણાવ્યુ હતું કે ચીને કહ્યું છે કે ટેરિફ વધારવાથી કોઇ અર્થ નથી. ટ્રેડ વોર શરુ કરવાથી ખુદને અને અન્યને નુકશાન થાય છે.ચીનના પ્રવક્તાએ જણાવ્યુ હતું કે ચીને ટ્રેડ વોર ઇચ્છતું નથી. અને તેને ટ્રેડ વોરથી કોઇ ડર નથી. કોઇએ અમારા માથે ટ્રેડ વોરની જબરજસ્તી કરી તો અમે અંત સુધી લડી લઇશુ.

જો કે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરમાં તે બેઉ દેશોને જે કંઇ નુકશાન થાય તેના કરતાં અન્ય દેશોને વધુ નુકશાન થવાનો સંભવ છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.